**PRESS RELEASE**

# ફ્લિપકાર્ટ હોલસેલે ફેશન રિટેઈલર્સ માટે પ્રથમ ફેસ્ટિવ સીઝન સેલની જાહેરાત કરી

- *દેશભરના ફેશન રિટેઈલર્સ 29 સપ્ટેમ્બરથી 31 ઓક્ટોબર, 2020 સુધી 'બિગ ફેસ્ટિવલ મન્થ'માં સામેલ થશે*
- *95 ટકાથી વધુ પ્રોડક્ટ્સની ખરીદી દેશની અંદર સ્થાનિક સ્તરે કરાશે અને તેને બી2બી માર્કેટપ્લેસ ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેનાથી સ્થાનિક એમએસએમઈને બળ મળશે*
- *સ્થાનિક એમએસએમઈની સમૃદ્ધિ અને ઉન્નતિ માટે ફ્લિપકાર્ટ હોલસેલે ફેસ્ટિવ સેલ પહેલાં 15 શહેરોમાં ડિલિવરીનો પ્રારંભ કર્યો*

**બેંગાલુરુ, 28 સપ્ટેમ્બર, 2020 –** ભારતમાં વિકસિત ફ્લિપકાર્ટ ગ્રુપના ડિજિટલ બી2બી માર્કેટપ્લેસ ફ્લિપકાર્ટ હોલસેલે આજે 'બિગ ફેસ્ટિવલ મન્થ'ની જાહેરાત કરી છે. આ પ્લેટફોર્મે ઓગસ્ટમાં કામગીરીનો પ્રારંભ કર્યો હતો અને આ તેનો સૌપ્રથમ ફેસ્ટિવ સીઝન સેલ છે. આ સેલ 29 સપ્ટેમ્બર, 2020ના રોજ શરૂ થશે અને 31 ઓક્ટોબર, 2020ના રોજ સમાપ્ત થશે, જેમાં 50થી વધુ ફેશન બ્રાન્ડ્સની પ્રોડક્ટ્સ ઉપલબ્ધ બનશે તથા 100થી વધુ વિક્રેતા અને 1 લાખ સદસ્યો જોડાશે.

પોતાના લોન્ચ બાદ ફ્લિપકાર્ટ હોલસેલે 15 શહેરોમાં વિસ્તરણ કર્યું છે અને તે દેશના 750થી વધુ પીનકોડ ઉપર સેવાઓ પ્રદાન કરી રહ્યું છે. કિરાણા અને એમએસએમઈને કન્ઝ્યુમર ઈ-કોમર્સ સેગમેન્ટમાં ફ્લિપકાર્ટની દેશમાં જ વિકસિત તકનીકી ક્ષમતાઓ અને વ્યાપક નેતૃત્વનો લાભ થશે, જેમને ભારતીય ઉદ્યોગની વિશેષ સમજ છે. ફ્લિપકાર્ટ હોલસેલ કિરાણા અને એમએસએમઈ માટે કારોબાર સરળ બનાવી રહ્યું છે કે જેઓ ભારતીય રિટેઈલ ઈકોસિસ્ટમના અભિન્ન હિસ્સો છે.

ફ્લિપકાર્ટ હોલસેલ અને વોલમાર્ટ ઈન્ડિયાના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને વડા આદર્શ મેનને જણાવ્યું હતું કે, આગામી તહેવારોની સીઝન રિટેઈલર્સ અને એમએસએમઈ માટે વેચાણ અને નફાકારકતા વધારવાની ઉત્તમ તક છે. અમારો પ્રયાસ છે કે પોતાના ભાગીદારો માટે તહેવારોની ખુશીઓ લઈને આવીએ, તેમના કારોબારને સરળ બનાવીએ અને ઉપયોગી જાણકારી તથા સ્ટોક પસંદગી દ્વારા ગ્રાહકો વચ્ચે માગ વધારવાના તેમના પ્રયાસોમાં સહયોગ કરીએ. અમે તેને એક અવસર તરીકે જોઈ રહ્યાં છીએ, જેમાં સમગ્ર રિટેઈલ ઈકોસિસ્ટમ એકજૂટ હોય, ગ્રાહકોમાં ઉત્સાહ વધારવામાં આવે અને સમગ્ર દેશમાં સ્થાનિક એમએસએમઈની કારોબારી વૃદ્ધિને બળ આપવામાં આવે.

ફ્લિપકાર્ટ હોલસેલનો 'બિગ ફેસ્ટિવલ મન્થ' ભારતીય તહેવારોની ઉજવણી માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં મેન્સ વેર, વુમન્સ વેસ્ટર્ન વેર, વુમન્સ એથનિક વેર, કિડ્સ વેર અને ફુટવેર પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી આકર્ષક ઓફર્સ સાથે રજૂ કરવામાં આવે. ફ્લિપકાર્ટ હોલસેલની અસરકાર ટેક્નોલોજી અને લોજીસ્ટિક્સના આધારે જથ્થાબંધ પ્રોડક્ટ્સ ખરીદવું ઘણું સરળ બન્યું છે. આ પ્લેટફોર્મ પોતાના સદસ્યોને ઉત્તમ માર્જિન, સરળ ઋણ, ઝડપી ડોરસ્ટેપ ડિલિવરી, ઉત્તમ ગુણવત્તા, સ્માર્ટ સિલેક્શન અને સરળ વળતર જેવાં લાભો પ્રદાન કરે છે.

આ પ્લેટફોર્મ પોતાની મજબૂત બેકએન્ડ ટેક્નોલોજીના આધારે રિટેઈલર્સને ઝંઝટ મુક્ત ઓર્ડર પ્લેસમેન્ટ અને સંતુષ્ટ પ્રક્રિયાની સુવિધા પ્રદાન કરે છે.

ફ્લિપકાર્ટ હોલસેલ એપ ગુગલ પ્લે સ્ટોર ઉપર ઉપલબ્ધ છે. ફ્લિપકાર્ટ હોલસેલ વિશે વધુ જાણકારી મેળવવા વિઝિટ કરોઃhttps://flipkartwholesale.com/

## About the Flipkart Group

The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, and PhonePe. Started in 2007, Flipkart has enabled millions of consumers, sellers, merchants and small businesses to be a part of India's e-commerce revolution, with a registered customer base of over 250 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratize e-commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem and empower generations of entrepreneurs and MSMEs has inspired us to innovate on many industry firsts. The recent launch of Flipkart Wholesale, our new digital marketplace, is a testament to our commitment to accelerate the growth of kiranas and MSMEs in India. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians. Together with Myntra, which holds a prominent position in the online fashion market, PhonePe, India's fastest growing digital payments platform, and now Flipkart Wholesale, the Flipkart Group will continue to steer the transformation of commerce in India through technology.

**For more information, please write to**

[media@flipkart.com](mailto:media@flipkart.com)